ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

Phone : 0278-2570110, 2570111 Email : krcscbhavnagar@yahoo.co.in Website : www.krcscbhavnagar.org

**ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ**
**અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.**

Date : 29th October, 2020

પ્રતિ,
તંત્રી શ્રી,
.................................................................................,
ભાવનગર.

## અખંડ ભારતના પ્રણેતા સરદારને 'એક ભારત- શ્રેષ્ઠ ભારત' વિષય પર વિડીયો વક્તૃત્વ સ્પર્ધા અને ચિત્ર સ્પર્ધા દ્વારા ભાવાંજલિ.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા રાજ્યભરમાં લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતુ કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

૩૧ ઓક્ટોબર,૨૦૨૦ એટલે ભારતના પ્રથમ ગૃહ પ્રધાન અને નાયબ વડા પ્રધાન તરીકે સેવા આપનાર શ્રી વલ્લભભાઇ પટેલનો જન્મ દિવસ. સરદાર તરીકે બિરુદ પામેલા 'શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ'ને તેમને કરેલા કર્યો સાથે દેશ તથા દુનિયા હમેશા પોતાના સ્મૃતિપટમાં કંડારી રાખશે. ભારતના લોખંડી પુરુષ તરીકે ઓળખાતા સરદારને ઓલ ઇન્ડિયા સર્વિસ (સર્વ ભારતીય સેવા - રાજ્યકારભારની બધી બિનલશ્કરી શાખાઓ) ના રચયિતા હોવાથી 'પેટ્રન સૈન્ટ' તરીકે પણ ભારતીય સનદી સેવામાં ઓળખવામાં આવે છે. એકતાના પ્રતિક તરીકે ઓળખાતા સરદારજી એ ૫૬૨ રજવાડાઓનું એકીકરણ કરીને અખંડ ભારતનું સપનું સેવ્યું હતું.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા મહાનુભાવોની જન્મજયંતિ નિમિતે લોકોને મહાન પુરુષોની યાદ સાથે એમના વિચારો પર ચાલવાની પ્રેરણાં આપવાના હેતુસહ કાર્યક્રમ યોજે છે. પરંતુ હાલ કોરોના સમયમાં વર્ચ્યુઅલ માધ્યમ થકી **<u>'એક ભારત- શ્રેષ્ઠ ભારત'</u>** વિષય પર ૧. વિડીયો વક્તૃત્વ સ્પર્ધા અને ૨. ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં વયજૂથ પ્રમાણે ગ્રુપ-Aમાં ૩ થી ૧૦ વર્ષ , ગ્રુપ- Bમાં ૧૦ થી ૨૦ વર્ષ અને ગ્રુપ-C માં ૨૦ વર્ષથી વધુ વયના લોકો ભાગ લઇ શકશે.

આ બંને કાર્યક્રમોની નિયમો સાથેની વિશેષ માહિતી કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્રની વેબસાઈટ પર આપવામાં આવેલ છે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ તા.૧૦-૧૧-૨૦૨૦ સુધીમાં પોતાના ચિત્રો અને વિડીયો www.krcscbhavnagar.org / upcoming events પર આપેલ લિંક પર મોકલવાના રહેશે. ભાવનગર જીલ્લાના વિજેતાઓને રોકડ રકમ પુરસ્કાર આપવામાં આવશે. તથા ભાગ લેનાર સ્પર્ધકોને ઈ-પ્રમાણપત્ર આપવામાં આવશે.

વધુ માહિતી માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ફોન : 8866570111 પર સંપર્ક કરી શકાશે.

29/10/2020
4:30 PM
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.